# ઉજ્જયંતગિરિની 'ખરતરવસહી'

ઉજ્જયંતગિરિના અધિષ્ઠાતૃદેવ, જિન અરિષ્ટનેમિના પ્રાસાદની જગતીના ઉત્તર દ્વારેથી ઊતરતાં હેઠાણ ભાગે ડાબી બાજુએ જ પહેલું મોટું મંદિર આવે છે તે વર્તમાને 'મેલકવસહી' વા 'મેરકવસહી' કે 'મેરકવશી' નામે ઓળખાય છે : પરંતુ આ અભિધાન ભ્રમમૂલક છે; કેમકે જે બે'એક ચૈત્યપરિપાટીકારો 'મેલાગર'(મેલા સાહ)ના મંદિરનો ઉલ્લેખ કરે છે તે મંદિર તો તેમના કથન અનુસાર 'ધરમનાથ'(જિન ધર્મનાથ)નું હતું, કેવળ નાની દેહરી રૂપે જ હતું, અને તેનું સ્થાન નેમિનાથની જગતીના પૂર્વદ્વારની પાસે ક્યાંક હતું. જ્યારે આ કહેવાતી 'મેલક વસહી' તો ઉત્તરદ્વારથી હેઠાણમાં રચાયેલ મોટું બાવન જિનાલય છે અને તે અષ્ટાપદ અને સંમેત શિખરના ભદ્રપ્રાસાદો, ગૂઢમંડપ, અને રંગમંડપની રચનાઓ ઉપરાંત 'પંચાંગવીર' અને 'નાગબંધ' ઇત્યાદિ ચમત્કૃતિભરી આકૃતિઓની કોરણીવાળી, તેમ જ અન્ય વાસ્તુશાસ્ત્રોક્ત પ્રકારોવાળી સરસ છતોથી શોભાયમાન મંદિર છે. પંદરમા શતકના ઉત્તરાર્ધના ચૈત્યપરિપાટીકારો જે એક મંદિરનું ખૂબ હોંશપૂર્વક અને વિગતે વર્ણન કરે છે, તે સર્વ રીતે વર્તમાન મંદિરની રચના સાથે મળી રહે છે. એ વિષયે અહીં આગળ ઉપર જોઈશું. ચૈત્યપરિપાટીકારોએ આ મંદિરને સ્પષ્ટતયા "ખરતર-વસહી" કહ્યું છે અને તેના નિર્માતા તરીકે ભણસાલી નરપાલ સંઘવીનું નામ આપ્યું છે.

પ્રસ્તુત ખરતર-વસહીની નિર્માણમિતિ ખરતરગચ્છીય ઉપાધ્યાય જયસોમ સ્વરચિત "જયસાગરોપાધ્યાય-પ્રશસ્તિ"માં સં૰ ૧૫૧૧ / ઈ૰ સ૰ ૧૪૫૫ બતાવે છે; પરંતુ રાણકપુરના ધરણવિહારમાં સ્થિત, સં૰ ૧૫૦૭ / ઈ૰ સ૰ ૧૪૫૧માં બનેલા 'શત્રુંજય-ગિરનાર શિલાપટ્ટ'માં પણ ગિરનાર પરની આ ખરતર-વસહીનું અંકન કરેલું હોઈ પ્રસ્તુત વસહી તે પૂર્વે બંધાઈ ચૂકી હોવી જોઈએ[૧].

આ મંદિર વિશે બીજી એક ખોટી કિંવદંતી—જે સાંપ્રતકાલીન શ્વેતાંબર જૈન લેખકો અન્વેષણ કર્યા વગર લખ્યે જ રાખે છે—તે એ છે કે સજ્જન મંત્રીએ ટીપ કરીને તૈયાર રાખેલું નેમિનાથ મંદિરના નિર્માણ-ખર્ચ જેટલું દ્રવ્ય જયસિંહદેવ સિદ્ધરાજે ગ્રહણ ન કરતાં તેનો ઉપયોગ આ મંદિરને બંધાવવામાં થયો હતો[૨]; પણ આ મંદિર સંબદ્ધ કોઈ જ સમકાલિક કે ઉત્તરકાલિક ઉલ્લેખ આ માન્યતાનું સમર્થન કરતો હોવાનું જ્ઞાત નથી. મંદિરની શૈલી તો સ્પષ્ટતઃ ૧૫મા સૈકાની છે.

મંદિરના મૂલગભારામાં વર્તમાને સં૰ ૧૮૫૯ / ઈ૰ સ૰ ૧૮૦૩માં વિજયજિનેન્દ્રસૂરિ દ્વારા પ્રતિષ્ઠિત સહસ્રફણા-પાર્શ્વનાથ મૂલનાયક રૂપે વિરાજમાન છે; પણ ૧૫મા શતકમાં તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં સ-તોરણ પિત્તળની, સોનાથી રસેલ, 'સોવનમય વીર'ની પ્રતિમા અધિનાયકરૂપે પ્રતિષ્ઠિત હતી; અને તેની અડખેપડખે શાંતિનાથ અને પાર્શ્વનાથની પિત્તળની કાયોત્સર્ગ પ્રતિમાઓ હતી તેવો ચૈત્યપરિપાટીકારોના કથન પરથી નિશ્ચય થાય છે. મૂલનાયકની પ્રતિમા "સંપ્રતિકારિત" હોવાનું તપાગચ્છીય હેમહંસગણિ, શવરાજ સંઘવીની યાત્રાનું વર્ણન કરનાર ચૈત્યપરિપાટીકાર, ખરતરગચ્છીય રંગસાર, તેમ જ કરણસિંહ પ્રાગ્વાટ પણ કહે છે[3]. આ ઉપરથી આ મંદિર તે કાળે સંપ્રતિ રાજાનું મંદિર કહેવાતું હશે. પણ હાલમાં તો આ મંદિરની સામેની ધાર પર આવેલ, ખંભાતના શ્રેષ્ઠીવરો શાણરાજ અને ભુંભવે ઈ૰ સ૰ ૧૪૫૯માં બંધાવેલ, અસલમાં જિન વિમલનાથના, મંદિરને સંપ્રતિ રાજાનું મંદિર હોવાનું કહે છે.

પ્રસ્તુત ખરતરવસહીના બનાવનારાઓએ ઉપલબ્ધ જગ્યાનો બની શકે તેટલો ઉપયોગ કરી, તેમાં બાવન જિનાલયનો તળચ્છંદ લાઘવપૂર્વક સમાવી લીધો છે. ઘાટવાળા, પણ અલ્પાલંકૃત સ્તંભયુગ્મ અને દ્વારવાળી મુખચોકી વટાવી અંદર પ્રવેશતાં સૌ પહેલાં મુખમંડપ કિંવા અગ્રમંડપ આવે છે. તેમાં એક છતમાં 'પંચાંગવીર'[4] અને બીજીમાં 'વાસુદેવ-ગોપ-લીલા' (ચિત્ર ૪)નાં આલેખનો કંડારેલાં છે. (આમાં કલેવરોની મહમૂદ બિઘરાના આક્રમણ સમયે ખંડિત થયેલી મુખાકૃતિઓને સં૰ ૧૯૩૨ / ઈ૰ સ૰ ૧૮૭૬ના કેશવજી નાયકના જીર્ણોદ્ધાર સમયે ફરીને ઘડી વણસાવી મારી છે.) અહીં કેટલીક બીજી પણ સારી (અને વાસ્તુશાસ્ત્રોક્ત) છતો છે, જેમાંથી 'નાભિમંદારક' વર્ગની બે અહીં ચિત્ર ૧ અને ૩માં રજૂ કરી છે.

મુખમંડપ વટાવતાં તેના અનુસંધાને કરેલ રંગમંડપમાં જોવાલાયક વસ્તુ છે તેનો 'સભા-પદ્મ-મંદારક' જાતિનો મહાવિતાન (ચિત્ર ૫). અહીં રૂપકંઠમાં કલ્યાણકોના, અને જિનદર્શને જતા લોકસમુદાયના દેખાવો કંડાર્યા છે. તે પછી આવતા ત્રણ 'ગજતાળુ', અને ત્યારબાદ બહુ જ ઘાટીલા 'કોલ'ના પણ ત્રણ થરો લીધા છે, જેનાં પડખલાંઓમાં સુરેખ રત્નોની ઝીણી કંડારશોભા કાઢી છે; અને વજ્રશૃંગો'માં કમળપુષ્પો ભર્યાં છે. આ થરો પછી ૧૬ 'લૂમા'(લાંબસા)નો પટ્ટ આવે છે. તે પછી (હોવી ઘટે તે) અસલી 'પદ્મશિલા' કિંવા 'લંબન'ને સ્થાને આધુનિક જીર્ણોદ્ધારમાં રૉમક શૈલીનું "લંબન' ખોસી, સોનાની થાળીમાં લોઢાની મેખ મારી છે ! આ મુખ્ય વલયાકાર મહાન્ વિતાનના બહારના પ્રત્યેક વિકર્ણવિતાનો- (તરખૂણિયાઓ)માં મોટું અને માતબર ગ્રાસમુખ કોરેલું છે (ચિત્ર ૬), જેવું અગાઉ કુંભારિયાના મહાવીર જિનાલય (ઈ૰ સ૰ ૧૦૬૨)ના સોલંકીકાલીન સમાંતર દૃષ્ટાંતમાં પણ જોઈ શકાય છે.

રંગમંડપ પછી "છચોકી' કરેલી છે; પણ તેનું તળ ઊંચું લેવાને બદલે રંગમંડપના તળ બરોબર રાખવાથી વાસ્તુનો વિન્યાસ અને એથી આંતરદર્શનનો લય નબળો પડી જાય છે, રસરેખાનો છંદ પણ વિલાઈ જાય છે. અહીં કેટલીક ઘુમટીઓ કરી છે : તેમાંની એકના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'નાભિચ્છંદ' જાતિનો વિતાનનો ઉપાડ જીવંત ભાસતા અને સુશ્લિષ્ઠ હંસોની પંક્તિથી કર્યો છે (ચિત્ર ૨). રંગમંડપ તેમ જ છચોકીના સ્તંભોમાં થોડીક જ કોરણી કરેલી હોઈ, વિતાનોને મુકાબલે (અને વિરોધાભાસથી) તે સૌ શુષ્ક લાગે છે.

છચોકીમાં "ગૂઢમંડપ"નું મુખ્ય કોરણીયુક્ત સપ્તશાખાદ્વાર પડે છે, જેના ઉંબરાનું આરસનું માણુ અલબત્ત આધુનિક છે. દ્વારની બંને બાજુએ, મથાળે 'ઈલ્લિકાવલણ'ના મોડ યુક્ત, યક્ષ (ચિત્ર ૭) અને યક્ષીની મૂર્તિવાળા મઝાના મોટા 'ખત્તક' (ગોખલા) કાઢ્યા છે.

ગૂઢમંડપની બહારની ભીંત તત્કાલીન શિલ્પ-પરંપરાને અનુકૂળ અને વાસ્તુશાસ્ત્રોમાં વર્ણવી હશે તેવી, ઘાટ અને રૂપાદિ અલંકારયુક્ત રચના બતાવે છે. આમાં 'કુંભા' પર યક્ષ-યક્ષીઓ-વિદ્યાદેવીઓ, અને 'જંઘા'માં દિક્પાલો, સુરસુંદરીઓ, અને ખડ્ગાસન જિનમૂર્તિઓ કંડારેલી છે, જેમાંની ઘણીખરી ખંડિત છે. અન્યત્ર ૧૫મા શતકની છે તેને મુકાબલે અહીંની કેટલીક મૂર્તિઓ—ખાસ કરીને દિક્પાલાદિની મૂર્તિઓ—ના કામમાં લચકીલપણું જરૂર દેખાય છે, મૂર્તિઓ ખંડિત હોવા છતાં.

ગૂઢમંડપની અંદરના ભાગમાં દીવાલોમાં ખત્તકો ગોખલાઓ કર્યા છે, તે પ્રાચીન છે. જો કે તેમાં અસલી મૂર્તિઓ રહી નથી પણ ખત્તક પરના દેવતાપૂર્તિ ધરાવતું ઈલ્લિકાવલણ દર્શનીય છે. (ચિત્ર ૭); પણ મોટી ક્ષતિ તો મૂળ અલંકૃત વિતાનને હટાવી તે સ્થળે જીર્ણોદ્ધારમાં આધુનિક ઘુમ્મટ કરી નાંખ્યો છે, તે છે. ગૂઢમંડપનાં પડખાનાં (ઉત્તર-દક્ષિણ) દ્વારો જો કે મૂળ દ્વારને મુકાબલે ઓછી શાખાવાળાં હોવા છતાં તેમાં વેલનું કંડાર-કામ સુઘડ અને સુચારુ છે.

મંદિરના મૂળ પ્રાસાદને ૧૬મા શતકના અંતે કે ૧૭મા સૈકાના પ્રારંભે આમૂલચૂલ દૂર કરી તેને સ્થાને નવો બનાવેલો છે; અને તેમાં રૂપકામને બદલે પટ્ટબંધો કર્યાં છે, જેમાં વચ્ચેટ પુષ્પબંધમાં મોગલાઈ કારીગરીનો પરામર્શ વરતાય છે. અહીં જે નરપાલ શાહ કારિત પ્રાસાદ હતો તેનું (વાસ્તુશાસ્ત્રોક્ત) અભિધાન રત્નસિંહસૂરિશિષ્ય "શ્રીતિલક" જણાવે છે; ઉપાધ્યાય જયસોમ તેને "લક્ષ્મીતિલક" નામક 'વરવિહાર' કહે છે. (વસ્તુતયા બન્ને અભિધાનો એકાર્થવાચી છે[૫].) પણ પાછળ જોઈ ગયા તેમ આ પ્રાસાદના મંદિરની બહિરંગની મૂર્તિઓ ખંડિત થવાથી તેને પૂર્ણતયા કાઢી નાખી, શહેનશાહ અકબરના જમાનામાં નવો પ્રાસાદ કર્યો, જો કે ગૂઢમંડપને ખંડિત મૂર્તિઓ સાથે મૂળ અવસ્થામાં યથાતથા રહેવા દીધેલો. બિકાનેરના રાજાના મંત્રી, અકબર-માન્ય કર્મચંદ્ર બચ્છાવતે, ખરતરગચ્છીય જિનચંદ્રસૂરિ(ચતુર્થ)ના ઉપદેશથી, શત્રુંજય-ગિરનારતીર્થમાં પુનરુદ્ધારાર્થે દ્રવ્ય મોકલેલું તેવી નોંધ મળે છે[૬]. કર્મચંદ બચ્છાવત ખરતરગચ્છની આમ્નાયના શ્રાવક હોઈ સ્વાભાવિક રીતે જ તેમનું દ્રવ્ય ગિરનાર પર તો "ખરતરવસહી"ના ઉદ્ધારમાં વપરાયું હશે; અને પ્રસ્તુત ઉદ્ધારમાં ખાસ તો મૂલપ્રાસાદ નવો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયો તે જ ઘટના બની હશે તેમ જણાય છે.

મંદિર ફરતી બાવન કુલિકાઓ છે. તેમાં ધ્યાન ખેંચે તેવી તો ત્રણ જ, અને મોટી, દેહરીઓ છે. તેમાં પણ ગૂઢમંડપના દ્વારસૂત્રે દક્ષિણે, 'અષ્ટાપદ'ની રચના ધરાવતા, ભણસાલી જોગે કરાવેલ, 'ભદ્રપ્રાસાદ' અને એ રીતે ઉત્તર બાજુએ સંમેતશૈલ(વા નંદીશ્વર)ની રચનાઓને આરસથી મઢીને તેના મૂળ સ્વરૂપને નષ્ટ કર્યું છે. દક્ષિણ તરફના અષ્ટાપદવાળા ભદ્રપ્રાસાદની તો દીવાલો પણ નવી થઈ ગઈ છે; છતાં અહીં ધ્યાન ખેંચે તેવી, અને બહુમૂલ્ય કહી શકાય તેવી, એક અસલી સંરચના રહી ગઈ છે : તે છે તેનો 'સભા-પદ્મ-મંદારક' જાતિનો વિતાન કિંવા કરોટક : (ચિત્ર ૧૨). અહીં રૂપકંઠમાં બહુ જ સરસ, સચેત ભાસતા ચક્રવાકોની આવલી કાઢી છે, અને આંતરે આંતરે ૧૬ વિદ્યાદેવીઓને ઊભવાના ૧૬ ઘાટીલા, તોડિકા સાથે સંલગ્ન એવા પ્રલંબ મદલ(ઘોડા) કર્યા છે (ચિત્ર ૮). (મહાવિદ્યાઓની મૂર્તિઓ અલબત્ત ખંડન બાદ દૂર કરવામાં આવી જણાય છે.) આ પછી ગજતાલુના ત્રણ સુઘટિત સ્તરો, અને તે પછી બે નવખંડા-ગાળે ગાળે પદ્મવાળા—કોલ(કાચલા)ના થર છે, જેના દર્શન ભાગની કોરણી, રંગમંડપના કોલ સદશ છે. અને તે પછી, કરોટકના મધલા ભાગથી શરૂ થતી, પાંચ અણિયાળા અને સાદી પાંદડીથી કોરેલ અને ઝીણી કિનારીથી મઢેલ કોલના ક્રમશઃ સંકોચાતા પાંચ જાળીદાર થરવાળી, ખૂણે ખૂણે ને છૂટા છૂટા વેરેલ ચંપક પુષ્પ સહિતની અને કેન્દ્રભાગે લટકતા પદ્મકેસરયુક્ત મનોહર પદ્મશિલા કરી છે (ચિત્ર ૧૨).

સામે ઉત્તર બાજુએ પ્રતિવિન્યાસે કરેલા સંમેતશૈલ (વા નંદીશ્વર) ભદ્રપ્રાસાદની મૂળ ભીંતો કાયમ છે તેમાં બહિરંગે વેદિબંધના કુંભ-કલશને મણિબંધ અને રત્નાલંકારથી ખૂબ શોભિત કર્યા છે : અને જંઘામાં પણ દેવરૂપાદિ કર્યા છે : પણ તેમાંની ખંડિત થયેલ તે મુખાકૃતિઓ ઇત્યાદિ પુનરુદ્ધારમાં ટોચીને બગાડી માર્યા છે. અંદરના ભાગમાં જોઈએ તો અહીં પણ દર્શનીય વસ્તુ છે, પ્રાસાદનો સભા-પદ્મ-મંદારક કરોટક (ચિત્ર ૯, ૧૦.) આ મહાવિતાનમાં ગજતાળુ અને કોલના થરો આમ તો રંગમંડપના થરો સદશ છે. પણ થરોના તળભાગ વિશેષ અલંકૃત છે. રૂપકંઠમાં પંચ કલ્યાણક અને વિદ્યાધરોને બદલે તોડિકાની ટેકણવાળા ૧૬ મદલો કર્યા છે (ચિત્ર ૧૧). રૂપકંઠની નીચે, સામે ઉત્તર તરફના ભદ્રપ્રાસાદના વિતાનમાં, મણિપટ્ટિકા છે (ચિત્ર ૧૨); જ્યારે અહીં વેલની ભાત કાઢી છે. (ચિત્ર ૧૧). મહાવિદ્યાઓનાં બિંબ અહીં પણ અદષ્ટ થયાં છે; અને નીચેના બે ગજતાલુના થરોની પટ્ટીઓનાં તળિયાંના ભાગે પુષ્પાવલીને ત્રીજા થરે ઝીણી ઝીણી ઘંટિકાઓની શ્રેણી કરેલી છે (ચિત્ર ૧૧). રંગમંડપમાં છે તેમ અહીં પણ કરોટકના મધ્યભાગમાં ૧૬ લૂમાઓનો વલયાકાર ઊંડો પટ્ટ, અને તે પછી શરૂ થતી પદ્મશિલા દક્ષિણ ભદ્રપ્રાસાદના વિતાનની પદ્મશિલાને મળતી જ છે; ફેર એટલો કે અહીં ચંપકને સ્થાને પોયણા પુષ્પનો છંટકાવ છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને કેન્દ્રભાગે પદ્મકેસરને બદલે કમળનો પુટ દીધો છે (ચિત્ર ૧૨).

અષ્ટાપદ અને સંમેતશિખર કે નંદીશ્વર-દ્વીપના ભદ્રપ્રાસાદોના કરોટકો જોતાં લાગે છે કે રંગમંડપની છતની મૂળ પદ્મશિલા પણ જો સાબૂત હોત તો તે પણ કેવી અદ્‌ભુત લાગત ! વસ્તુતયા ૧૫મી શતાબ્દીમાં ગિરનાર પરની ખરતરવસહીની અને ત્યાં અન્યત્ર છતોમાં જે કામની સફાઈ, ઝીણવટ, નાજુકતા, અને નમનીયતા છે તેનો મુકાબલો નથી. એની સામે રાજસ્થાનમાં રાણકપુર, વરકાણા, હમ્મીરપુર, દેલવાડા (આબૂ, ખરતરવસહી) દેવકુલપાટક (મેવાડ-દેલવાડા), કેલવાડા, અને ચિત્તોડગઢમાં જોવા મળતું સમાંતર એવં સમકાલીન કામ ધીંગું, છીછરું, અને કલ્પનાવિહીન જણાય છે. (કંઈક અંશે જેસલમેરનાં બે'એક મંદિરોમાં આને મળતું કામ જોવા મળે છે, જેમકે સંભવનાથ અને ચંદ્રપ્રભ જિનાલયનાં દૃષ્ટાંતો.)

દક્ષિણ તરફના ભદ્રપ્રાસાદમાં પટ્ટશાલાના સ્તંભાંતરમાં સુંદર કોરણીયુક્ત ખંડવાળી "અંધ" (અછિદ્ર) જાળી ભરાવેલી છે (ચિત્ર ૧૩). જ્યારે મૂલપ્રાસાદના ગર્ભસૂત્રે રહેલ પશ્ચિમ તરફના ભદ્રપ્રાસાદનું મોવાળ ખુલ્લું છે. ચૈત્યપરિપાટીકાર હેમહંસગણિ તેને 'શત્રુંજયાવતાર'નો પ્રાસાદ કહે છે. તેના નિર્માતા વિશે જાણવા મળતું નથી. પર્વતની મેખલા(ધાર)ને સાવ અડીને કરેલો આ ભદ્રપ્રાસાદ સાદો હોઈ શિલ્પની દૃષ્ટિએ તેમાં ખાસ ધ્યાન ખેંચે તેવું કશું નથી. (આ ત્રણે ભદ્રપ્રાસાદો અહીંની અન્ય દેહરીઓને મુકાબલે ઘણા મોટા છે.) દેવકુલિકાઓ(દેરીઓ)માં ખાસ ધ્યાન ખેંચે તેવું કશું નથી; (કેટલીક તો વચ્ચે ભીંતો કર્યા સિવાયની સળંગ છે.) આ સિવાય પશ્ચિમ તેમ જ ઉત્તર બાજુની દેહરીઓના ગભારાના, અને તેને લગતી પટ્ટશાલાઓના વિતાનો, તેમાંયે ભમતીના વાયવ્ય ભાગની પટ્ટશાલાના વિતાનો, ૧૫મા શતકની વિતાન-સર્જનકલાની પરાકાષ્ઠા દાખવી રહે છે. આમાંથી દશેક જેટલા ચુનંદા નમૂનાઓ અહીં મૂળ ચિત્રો સાથે અવલોકીશું. ચિત્ર ૧૯માં દર્શાવેલ સમતલ વિતાનમાં વચ્ચે કમલપુષ્પ કરી, ફરતી બે પટ્ટીઓમાં સદાસોહાગણ જેવા ભાસતા છ પાંખડીવાળાં ફૂલોની હાર કાઢી છે, (જેવા પછીથી અમદાવાદ પાસેની ઈ૦ સ૦ ૧૫૦૦-૧૫૦૧માં બંધાયેલી સુપ્રસિદ્ધ અડાલજની વાવનાં શોભનાંકનોમાં મળે છે.) વચ્ચેના મોટા પદ્મવાળા ભાગની ચોરસાઈને રક્ષવા, અને એની લંબચોરસાઈ તોડવા, બે બાજુએ કુંજરાક્ષની પટ્ટીઓ કરી છે. તે પછી ઊપસતા ક્રમમાં સદાસોહાગણની ફરીને પટ્ટીઓ કરી છે. છેવટે ભારપટ્ટોને તળિયે ચારે બાજુ મોટાં પદ્મોની કોરણી કરી છે. ચિત્ર ૧૪માં ચોકોર પહોળી પટ્ટીમાં સામંજસ્યના વિન્યાસપદે ચોખંડી બાર કોલરૂપી લુમાઓ કરી છે, અને વચ્ચે ગજતાલુનો થર આપી ઊંડાણમાં એવું જ, પણ જરા મોટી કરી, મણિપટ્ટિકાથી બાંધેલ ચોરસક્ષેત્રમાં, ચોખંડી કોલરૂપી લોમા કર્યું છે (ચિત્ર ૧૪). આવા છંદની એક પરિવર્તનાયુક્ત, મૂળે ફરતાં મોટા આઠ ચોખંડા કોલ અને વચ્ચોવચ ક્ષિપ્ત-પ્રક્રિયાથી કરેલ (નવખંડમાં ચોખંડ કોલ ઉતારેલ હશે તેવા) વિતાનનો વચલો ટુકડો માત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ બચી ગયો છે (ચિત્ર ૧૫).

ઉપરકથિત બે પ્રકારોનું વિશેષ વિકસિત દૃષ્ટાંત હવે જોઈએ. ચિત્ર ૧૭, ૧૯માં સમતલ પટ્ટમાં સામંજસ્ય-ન્યાસમાં ૨૫ પૂર્ણભદ્ર કોલના સંધાન ભાગે પદ્મ-પુષ્પોનો ઉઠાવ કરેલો છે; જ્યારે ચિત્ર ૧૭ અને ૧૯માં આવા કોલની સંખ્યા વધારીને પાંચ અને ચારનો ગુરુ-લઘુ-ક્રમ પ્રયોજ્યો છે અને તેમાં છેલ્લે ફરતાં અર્ધકોલની હાર કરી છે. કોલના સંધાન ભાગે છ પાંખડીવાળા બહુ જ સરસ સદાસોહાગણનાં, સજીવ ભાસતાં, મોટાં ફૂલો છાંટેલાં છે, જેમાંનાં ઘણાંખરાં દુર્ભાગ્યે ખંડિત થયાં છે. ચિત્ર ૨૦, ૧૮માં હારમાં પાંચ પાંચ કોલ ૨૦ લૂમા અને સંધાન ભાગમાં પદ્મપુષ્પ કરેલ છે જ્યારે એ જ વિભાવ, પણ ચતુષ્ખંડી કોલ જ લૂમા અને વચ્ચેના ગાળામાં વર્તુળ વચ્ચે મોટા કદનાં પદ્મ-પુષ્પો કોરેલ છે (ચિત્ર ૨૩). આ પ્રકારના છંદવિન્યાસનું આગળ વધેલું દૃષ્ટાન્ત તે કોલને સ્થાને, ૧૧×૯=૯૯ કુંજરાક્ષો સમતલમાં ઉતારીને, તેના સંધાનભાગ ચાર પાંખડીઓનાં પુષ્પોથી ભરી લીધા છે (ચિત્ર ૨૧). એ જ હૈતવ (motif) અને ન્યાસનું ઝીણવટભર્યું, પરિવર્તિત રૂપ ચિત્ર ૨૨માં બતાવેલ સમતલ વિતાનમાં જોવા મળે છે. ત્યાં છેવટે ફરતી પુષ્પપટ્ટી કાઢી છે.

ચિત્ર ૨૩માં ફરીને ચોખંડા કોલના ૫×૪ના વિન્યાસે કરેલ સમતલ વિતાનમાં ગાળે ગાળે વર્તુલથી સીમિત કરેલ મોટાં પદ્મપુષ્પો ઠાંસ્યાં છે.

ભમતીના બિલકુલ નૈર્ઋત્ય ખૂણામાં રહેલા (ચિત્ર ૨૪) કોલના ઘટતા ક્રમમાં ઊંડા ઊતરતા જતા ચાર થરોથી સર્જાતી ચાર ઉત્ક્ષિપ્ત લૂમાઓના સંયોજનથી રચાતો આ પદ્મક-નાભિચ્છંદ જાતિનો વિતાન તો સોલંકીયુગના કારીગરોને પણ સ્તબ્ધ કરી દે તેવો છે. પ્રત્યેક લૂમાની નાભિમાંથી નીકળતા અણિદાર પાંખડીનાં પદ્મફૂલ, અને છતના વચલા, ઊંચકાઈ આવતા બિંદુમાં કરેલ કોમળ પાંખડીઓથી સર્જાતાં કમળફૂલ, તેમ જ કર્ણભાગે ગ્રાસનાં મુખો અને ભદ્રભાગે ચંપાના પાનથી સોહતો આ વિતાન ૧૫મા શતકનાં સર્જનોમાં તો બેજોડ કહી શકાય તેવો છે. આ વિતાનમાં કર્ણે ગ્રાસમુખ અને ભદ્રે અર્ધપૌર્ણનાં શોભાંકન કોરેલાં છે.

કોલના થરોના ઊંડા ઊતરતા જતા વિન્યાસથી સર્જાતા એક ક્ષિપ્ત-નાભિચ્છંદ જાતિના વિરલ વિતાનનું દૃષ્ટાંત ચિત્ર ૨૫માં જોવા મળશે. બહુભંગી કોલના એક પછી એક, ક્ષયક્રમથી, અંદર ઊતરતા જતા કુલ ૧૧ જેટલા થરોથી સર્જાતા આ વિતાનની તો સોલંકી કાળમાંયે જોડી જડતી નથી ! મંત્રીશ્વર ઉદયનના પુત્ર આમ્રભટ્ટ દ્વારા નવનિર્મિત શકુનિકાવિહાર(ઈ. સ. ૧૧૬૬)માં આવા સિદ્ધાંત પર રચાયેલા અને ઘણા મોટા વિતાનો હતા; (હાલ તે ભરૂચની જુમા મસ્જિદમાં છે); પણ તેમાં પણ આટલા બધા પડોવાળા અને આવડી સંખ્યામાં થરો લેવાનું સાહસ શિલ્પીઓએ કર્યું હોવાના દાખલા જાણમાં નથી (ચિત્ર ૨૫, ૨૬). ઘડીમાં વાદળાંનાં પટલોને પેલે પાર રહેલ લોકાલોકનો પાર પામવા મથતો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાગે, તો ઘડીમાં પાતાળ-પાણીમાં બાઝેલ શેવાળના એક પછી એક થરો વીંધીને તળિયાને આંબવા યત્ન કરતો હોય એવા વિતાનનું સમગ્ર ભારતમાં આજે તો આ એક માત્ર દૃષ્ટાંત છે !

વસ્તુપાળ-તેજપાળના સમયના, ભાતીગળ અને અતિરિક્ત સૂક્ષ્માતિસૂક્ષ્મ કોરણી કરનાર શિલ્પીઓ પણ જેના વખાણ કરે તેવો એક પદ્મનાભ જાતિનો ચેતોહર વિતાન ચિત્ર ૨૭માં રજૂ કર્યો છે. આની રચનામાં સૌ પહેલાં તો ભારોટથી ઊંડા ઊતરીને સદા સોહાગણના ચેતનથી ધબકતાં, ફૂલોની કિનારી કરી, અંદર ચતુઃછંદમાં ગજતાલુના થરવાળી, પછી વિશેષ ઊંડા ઉતારેલ ચોરસી ન્યાસના કોલનો થર લઈ, અંદર બનતા ભાંગાયુક્ત ક્ષેત્રમાં ચાર દળવાળી, બહુભંગી, ચાર ઉત્ક્ષિપ્ત લૂમાઓના સંયોજન, અને વચ્ચે ડૂબકી દેતી ક્ષિપ્ત લૂમાના આવિર્ભાવથી પ્રગટતા આ મનોરમ વિતાનનાં મૂળ તો સોલંકીકાળમાં છે; પણ દળદાર ચોટદાર કલ્પનામાં તો આની સામે આબૂ-દેલવાડાની જગવિખ્યાત વિમલવસહીના સૂત્રધારો પણ એક કોર ઊભા રહી જાય; અને તાકાતનો ભોગ આપ્યા સિવાય નિપજાવેલી સમગ્ર ઘાટની મુલાયમ સફાઈ, લૂમાઓના ઊપસતા કેન્દ્રનાં કમળોમાં અણિદાર પાંખડીઓમાં સિફતથી ઉતારવામાં આવેલ કુમાશ અને સાહજિક સજીવતાની સામે તો આરાસણના આરસને મીણની જેમ પ્રયોજી જાણનાર, દેલવાડાની લૂણવસહીના શિલ્પીઓ પણ અચંબો પામી ઊભા રહી જાય ! (ચિત્ર ૨૭). ગિરિરાજ ગિરનાર પર આવું બેનમૂન કામ કરી ગયેલા શિલ્પીઓનો મુકાબલો એમના જમાનામાં અન્ય કોઈ સ્થળોના ગજધરો નહીં કરી શક્યા હોય. પંદરમા શતકમાં આવા સર્વાંગસુંદર વિતાનોની રચના થઈ શકે તે માનવું મુશ્કેલ બને છે !

પંદરમી શતાબ્દીના સમકાલીન અને સમીપકાલીન જૈન યાત્રી કવિઓ-લેખકોએ આ ખરતરવસહી વિશે જે નોંધો લીધી છે તે હવે જોઈએ. એમણે વર્ણવેલ મંદિર ગિરનાર પરના વર્તમાને અસ્તિત્વમાં નાનાં મોટાં વીસેક જિનાલયોમાં કેવળ આ કહેવાતી "મેલક વસહી"ને જ લાગુ પડે છે. મૂળ કવિઓનાં કવિત વા શબ્દોમાં જ તે હવે જોઈએ :

(૧) તપાગચ્છીય હેમહંસ ગણિની ૧૫મા શતકના મધ્યમાં રચાયેલી, **ગિરનાર-ચૈત્યપરિપાટી**માં યાત્રી ઓસવાલ સમરસિંહ માલદે દ્વારા વિ૦ સં૦ ૧૪૯૪ / ઈ૦ સ૦ ૧૪૩૮માં સમુદ્ધારેલ 'કલ્યાણત્રય'ને (હાલમાં સગરામ સોનીના કહેવાતા મંદિરમાં) વાંદ્યા પછી, અને હાથી પગલાં તરફ વળતાં પહેલાં, નીચે મુજબ નોંધ કરે છે૭ :

**હવ જઈઇ નરપાલસાહ કારિઅ પ્રાસાદ ।**
**સંપ્રતિ નિવ કરાવિઅ વીર પિત્તલમય વાંદિ ।**
**નંદીસર અઠાવહ સેતુંજય અવતાર ।**
**ત્રિહું દિસિ થજી (થકી ?) જિણ નમઉં**
**નિરમાલડિએ ચંદ્રગુફા મઝ્ઝારિ ॥૨૭॥**

નિ૦ ઐ૦ ભા૦ ૨-૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અહીં મંદિર નરપાલ સાહે કરાવ્યાનો, તેમાં સંપ્રતિ રાજાએ કરાવેલ પિત્તળની (મૂલનાયક) મહાવીરની મૂર્તિનો, તેમ જ ત્રણ દિશામાં (ભદ્રપ્રાસાદોમાં રહેલ) નંદીશ્વર, અષ્ટાપદ, અને શત્રુંજયાવતારનો ઉલ્લેખ છે, મંદિરનું જે સ્થાન બતાવ્યું છે તે જોતાં, અને ભદ્રપ્રાસાદોની વિગત જોતાં તે વર્તમાને કહેવાતી 'મેરકવશી' જ છે[૮].

(૨) ઉજ્જયંતશિખર પર (ગિરનાર પર) "લક્ષ્મીતિલક" નામનો મોટો વિહાર (જિનાલય) નરપાલ સંઘવીએ(ખરતરગચ્છીય) જિનરાજસૂરિના પટ્ટાલંકાર જિનભદ્રસૂરિના ઉપદેશથી સં૰ ૧૫૧૧માં કરાવ્યાનો ઉલ્લેખ ઈસ્વીસન્‌ના ૧૬મા શતકના અંતભાગે રચાયેલ પંડિત જયસોમની જયસાગરોપાધ્યાય પ્રશસ્તિમાં આ રીતે મળે છે[૯].

संवत् १५११ वर्षे श्री जिनराजसूरि पट्टालंकारे **श्रीजिनभद्रसूरि** पट्टालंकार राज्ये श्री**उज्जयन्तशिखरे लक्ष्मीतिलका**भिधो वरविहारः । **नरपालसंघपति**ना यदादि कारयितुमारेभे ॥

(૩) બૃહત્તપાગચ્છીય રત્નસિંહસૂરિ-શિષ્ય (કદાચ ઉદયવલ્લભસૂરિ કે પછી જ્ઞાનસાગરસૂરિ) સ્વરચિત **ગિરનારતીર્થમાળા**માં (ઈ૰ સ૰ ૧૪૫૩ બાદમાં) કલ્યાણત્રયના દર્શન પછી જે પ્રાસાદમાં જાય છે તે આ "મેરકવશી" જ છે; ત્યાં તેને નરપાલ સાહે સ્થાપેલ "શ્રીતિલકપ્રાસાદ" કહ્યો છે, અને તેમાં (મૂલનાયક) સોવનમય વીર હોવાની વાત કરી છે; અને તેમાં ડાબીજમણી બાજુએ અષ્ટાપદ અને સંમેતશિખરની રચના હોવાની વાત કહી છે : યથા :

**થાપી શ્રીતિલકપ્રાસાદિ હિં સાહ નરપાલિં પુણ્ય પ્રસાદિહિં,**
**સોવનમય શ્રી વીરો;**
**અષ્ટાપદ સંમેતસિહરસ્યૂં ડાવઈ જિમણિઈ બહુ જિણહરસ્યૂં,**
**રચના અતિ ગંભિરો. ૧૮**

કવિએ પ્રાસાદની રચનાને 'અતિગંભિર' કહી છે તે યથાર્થ જ છે.

(૪) પંદરમા શતકમાં શવરાજ સંઘવીના સંઘ સાથે ગયેલા કોઈ અજ્ઞાત યાત્રી-મુનિએ કરેલ **ગિરનારચૈત્યપરિપાટી**માં તો આ જિનાલયના અંતરંગની ઘણી વિગતો આપવા સાથે એ જે કંઈ કહે છે તેનાથી તો આજે કહેવાતી "મેલકવસહી" તે જ "ખરતરવસહી" હોવાનાં તથ્યને આખરી મહોર મારી દે છે. સમરસિંહ-માલદેના મંદિર બાદ યાત્રી જે મંદિરમાં આવે છે તેને સ્પષ્ટ રૂપે તેઓ "ખરતરવસહી" કહે છે. તે નરપાલ સાહ દ્વારા નિર્મિત થયેલી અને તેમાં (ગર્ભગૃહમાં) મહાવીરની સતોરણ પિત્તળની મૂલનાયક મૂર્તિની આજુબાજુ એ જ ધાતુની શાંતિનાથ અને પાર્શ્વનાથની કાયોત્સર્ગ મૂર્તિઓ હોવાનું પણ કહ્યું છે. તદુપરાંત રંગમંડપનું વર્ણન કરતાં ત્યાં 'નાગબંધ' અને પંચાંગવીર'ની છતો, પૂતળીઓ (આજે વિનષ્ટ), જમણી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાજુ ભણસાળી જોગે કરાવેલ 'અષ્ટાપદ' અને ડાબી બાજુએ ધરણા સાહે કરાવેલ 'સંમેતશિખર' (ના ભદ્રપ્રાસાદોની) નોંધ લે છે :[૧૦] યથા :

**હવઈ ખરતરવસહી ભણી આવિઉ**
**નરપાલસાહની થાપના એ સતોરણઉ પીતલમઈ વીર**
**શાંતિ-પાસ છઈ સાચઉ શરીર કાસગીઆ પીત્તલ તણાએ. ૨૮**

**રંગમંડપિ નાગબંધ નિહાલઉ**
**પૂતલિએ મંડપિ મન વાલઉ**
**પંચાંગવીર વસેખીઈએ માલાખાડઈ મંડપ જાણૂ**
**જિમણઈ અષ્ટાપ(દ) વખાણૂ ભણસાલી જોગઈ કીઉંએ. ૨૯**

**ડાવઈ સમેતસિહર પ્રસીધુ**
**તે પણિ ધરણઈસાહિ કીધઉ. ૩૦**

(૫) પંદરમા શતકના ઉત્તરાર્ધ અને ૧૬માના પૂર્વાર્ધમાં થયેલા, ભાવહર્ષ-શિષ્ય રંગસારની **ગિરનારચૈત્યપરિપાટીમાં**[૧૧] મુનિ-યાત્રી તીર્થનાયક નેમિનાથના મંદિરને (દેવકુલિકામાં પરોવેલ) ઉત્તર દ્વારેથી નીચે ઊતરીને જે પહેલા મંદિર—હાલની મેરક વસહી—માં આવે છે તેને "ખરતરવસહી" કહેવા ઉપરાંત તેમાં સંપ્રતિરાજાના કરાવેલ પિત્તળમય મનોહર વીર જિનેશ્વર, આજુબાજુની બાવન દેહરીઓ અને મંદિર ભીતરની અવનવી કોરણીનો ઉલ્લેખ કરે છે :

**ઈણ ગિરઈએ નેમવિહાર આવીયા ખરતરવસહી વાર ॥૧૨॥**

**ઢાલ**

**સંપતિરાય કરાવિ મુણહર પીતલમઈ શ્રીવીર જિણેસર**
**ખરતર(વ)સહી માહે પાખતીયાં બા(વ)ન જિણાલ**
**નવલ નવલ કોરણીય નિહાલ ટાલઉ કુમતિ કસાય ॥૧૩॥**

રંગસાર પછી અને કાલક્રમમાં છેલ્લી નોંધ ૧૬મા-૧૭મા શતકમાં થયેલા(પ્રાગ્વાટ) કર્ણસિંહ કૃત ગિરનારસ્થ ખરતરવસહી-ગીત અંતર્ગત મળે છે. એમના કથનમાં મંદિરને "ખરતરવસહી" કહેવા ઉપરાંત તેમાં મંડપની પૂતળીઓ, ડાબી બાજુ (નેમિનાથના મંદિર તરફ) 'અષ્ટાપદ' અને જમણી બાજુ (કલ્યાણત્રયના મંદિરની દિશાએ) 'નંદીશ્વર', ગભારામાં સંપ્રતિએ આણેલ સપ્તધાતુની તોરણ તેમ જ રત્નખચિત 'જિનવીર'ની મૂર્તિ અને રત્નજડિત પરિકર તેમ જ આ મંદિર (અગાઉના) દુઃષમ ભવનને સ્થાને ભણસાલી નરપાલે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનભદ્રસૂરિના વચનથી ઉદ્ધાર રૂપે કરાવ્યાનું નોંધ્યું છે :

પ્રીય ખરતરવસહી જોઈએ
જાણે કરતલ વખાણ ।૨।

મંડપિ મોહણ પૂતલી હો
જાણે કરિકીઓ ઈંદ્રલોક ॥૩॥

નેમિ કડણિ પ્રભુ દાહિણિ હો
અષ્ટાપદ અવતાર ।
વામઈ કલ્યાણકત(ન ? ય) હો
નંદીસર જગસાર ॥૬॥

(સંઘમરોઈ ? સંપતિરાઈ) અણાવિઉ હો
સપત ધાત જિણવીર ।
પરિગર રતન જડાવિઈ હો
તોરણ ઉલકઈ બઈ હાર ॥૭॥

લબધિવંત જિનભદ્રસૂરિ ગુરુજી
સુવચની સવિસાલ ।
દૂસમ ભવન સમુદ્ધરઈ હો
સો ધનધન મા નરપાલ ॥૮॥

ભણસાલી તે પરિ કરઈ હો
જે કીઓ ભરવેસર રાસો ।
ઉજલિ અષ્ટાઉરે તે
નિરખત અંગિ ઉમાદ ॥૯॥

આમ ખરતરગચ્છનાં જ નહીં, તપાગચ્છનાં પણ સાક્ષ્યો વર્તમાન "મેલકવસહી" તે અસલમાં "ખરતરવસહી" હતી તેમ નિર્વિવાદ જણાવી રહે છે.

ચૈત્યપરિપાટીઓનાં વિધાનોમાં આમ તો એકવાક્યતા છે, પણ એક બાબતમાં મતભેદ છે. જ્યાં હેમહંસગણિ અને કર્ણસિંહ "નંદીશ્વર" કહે છે ત્યાં રત્નસિંહસૂરિશિષ્ય તથા શવરાજ સંઘવીવાળા યાત્રી-મુનિ 'સંમેતશિખર' કહે છે. ઉત્તર ભદ્રપ્રાસાદ-સ્થિત આ રચના આરસ નીચે દબાઈ ગઈ હોય. અસલી વાત શું હશે તેનો નિર્ણય થઈ શકે તેમ નથી.

એ મંદિર જો કે ખરતરગચ્છીય ભણસાળી નરપાળ સંઘવીએ કરાવ્યું છે, પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્ણસિંહના કથન અનુસાર ત્યાં કોઈ મંદિર અગાઉ હતું અને આ નવું મંદિર એથી જૂનાના સમુદ્ધારરૂપે કર્યાનું માનવું રહ્યું. વળી અંદરની પિત્તળના મૂલનાયક વીરની પ્રતિમા એ કાળે સંપ્રતિ રાજાની હોવાની માન્યતા હતી. એટલે મૂર્તિ નરપાલ સાહના સમયથી જૂની તો ખરી જ. હું માનું છું કે આ મંદિરને સ્થાને અસલમાં મંત્રીશ્વર વસ્તુપાલ કારિત "સત્યપુરાવતાર મહાવીર"નું મંદિર હતું; (વસ્તુપાલે ગિરનાર પર આદિનાથ (વસ્તુપાલવિહાર.) ઉપરાંત(સ્તંભનપુરાવતાર) પાર્શ્વનાથ તથા (સત્યપુરાવતાર) મહાવીરનાં મંદિરો કરાવેલાં જેની નોંધ સમકાલીન લેખક હર્ષપુરીયગચ્છના નરેન્દ્રપ્રભસૂરિએ લીધી છે[૧૨]. કર્ણસિંહના કથન અનુસાર ત્યાં આગળની (માલા-ખાડ નામની) ખાડ પૂરીને (બિલકુલ ઘોર રહેલા) દુઃષમ ભવનનો "ઉદ્ધાર" કરાવેલો. સંપ્રતિ રાજાની કરાવેલ કે લાવેલ મૂર્તિ હોવાની વાત ૧૫મા શતકમાં વહેતી થઈ હશે. ઈસ્વીસન્‌ની ૧૪મી શતાબ્દીના પૂર્વાર્ધમાં ખરતરગચ્છીય જિનપ્રભસૂરિની ગિરનાર સંબદ્ધ જુદી જુદી ચાર રચનાઓમાં, એમનાથી પહેલાં તપાગચ્છીય ધર્મકીર્તિગણિ(પછીથી ધર્મઘોષસૂરિ)ના **ગિરનારકલ્પ** (આ૦ ઈ૦ સ૦ ૧૨૬૪) અંતર્ગત, કે નાગેન્દ્રગચ્છીય વિજયસેન સૂરિના **રેવંતગિરિરાસ**(ઈ૦ સ૦ ૧૨૩૨ બાદ)માં આને સ્પર્શતો કોઈ જ ઉલ્લેખ નથી.

ગુજરાત-રાજસ્થાનનાં ઉત્તર મધ્યકાલીન જૈન મંદિરોના સર્વેક્ષણ દરમિયાન જોવા મળે છે કે ખરતરગચ્છમાં મંદિરોના રચનાવિન્યાસ તરફ અને તેને સુરુચિપૂર્વક આભૂષિત કરવા પરત્વે ખૂબ કાળજી લેવાઈ છે. શત્રુંજય પરની ખરતરવસહી (આ૦ ઈ૦ સ૦ ૧૩૨૦-૨૪), મેવાડમાં દેલવાડા(દેવકુલપાટક)ની ખરતરવસહી (૧૫મા શતકનો પ્રારંભ), રાણકપુરની ખરતરવસહી (પાર્શ્વનાથ જિનાલય-૧૫ સૈકાનો મધ્યભાગ), અને આ ગિરનાર પરની ખરતરવસહી તેનાં જ્વલંત ઉદાહરણો છે.

**ટિપ્પણો :**

૧. આ પટ્ટ પર વિસ્તૃત વિવેચન હું અન્યત્ર કરી રહ્યો છું.

૨. (સ્વ૦) મુનિ દર્શનવિજયજી લખે છે : "આ ટૂક શ્રી સિદ્ધરાજના મંત્રી સજ્જને બંધાવેલ છે. ગૂર્જરાધીશ સિદ્ધરાજે સજ્જનને સૌરાષ્ટ્રનો દંડનાયક નીમ્યો હતો. તેમણે સૌરાષ્ટ્રની ત્રણ વર્ષની ઊપજમાંથી ગિરનાર પર સુંદર જીર્ણોદ્ધાર કરાવ્યો. ત્રણ વર્ષની ઊપજ સિદ્ધરાજને ન મળવાથી તે ગુસ્સે થઈ જૂનાગઢ આવ્યો. સજ્જને જૂનાગઢ અને વંથલીના શ્રાવકો પાસેથી ધન મેળવી સિદ્ધરાજને ચરણે ધર્યું અને કહ્યું કે જોઈએ તો જીર્ણોદ્ધારનું પુણ્ય હાંસલ કરો અને જોઈએ તો ધન લ્યો. રાજા સત્ય હકીકત જાણી અત્યંત ખુશી થયો. બાદ આવેલા ધનથી શ્રાવકોના કહેવાથી સજ્જને આ મેરકવશી ટૂક બનાવી." (**જૈન તીર્થોનો ઇતિહાસ**, શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા : પુષ્પ ૩૮મું, અમદાવાદ ૧૯૪૯, પૃ૦ ૧૨૨.) સ્વ૦ મુનિશ્રીની પહેલી વાતને પ્રબંધોનો આધાર છે, પણ સજ્જને પ્રસ્તુત દ્રવ્યથી આ મેરકવશીનું મંદિર બંધાવ્યાનો ક્યાંય જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉલ્લેખ નથી.

પં૰ અંબાલાલ પ્રેમચંદ શાહે "મેલક વસહી"ની ચર્ચા કરતાં આ જ સજ્જન મંત્રી વાળી વાત (સાચી અને પરિષ્કૃત ગુજરાતીમાં) જણાવી છે; પણ તેઓની પાસે એને લગતું કોઈ પ્રમાણ નહોતું; આથી સાવચેતી ખાતર એમણે લખ્યા બાદ ઉમેર્યું કે "....એવી લોકમાન્યતા છે. કોઈ આને મેલકશાહે બંધાવ્યાનું કહે છે." (**જૈન તીર્થ સર્વસંગ્રહ,** ભાગ પહેલો. ખંડ પહેલો, અમદાવાદ ૧૯૫૩, પૃ૰ ૧૨૩.)

મુનિ નિત્યાનંદવિજયજીએ (પં૰ શાહ જેવી સાવધાની રાખ્યા સિવાય) એની એ જ કિંવદંતી તથ્યરૂપે માની રજૂ કરી છે. (**શ્રી રૈવતગિરિ સ્પર્શના,** વડોદરા વિ૰ સં૰ ૨૦૨૦ (ઈ૰ સ૰ ૧૯૬૪), (પૃ૰ ૧૨૯-૧૩૦.)

૩. અહીં આગળ ઉપર મૂળ કૃતિઓમાંથી પ્રસ્તુત ભાગો ટાંકી ચર્ચા કરી છે.

૪. *Cf.* M. A. Dhaky "The 'Nagabandha' and the Pancangavira' ceiling," *Sambodhi,* Vol. 4, No. 3-4, pp. 78-82, and plates.

૫. આગળની ચર્ચામાં તેના મૂળ સંદર્ભો ટાંક્યા છે.

૬. કર્મચંદ્રના જીવનની રૂપરેખા ખરતરગચ્છીય સાધનોથી સ્વ૰ મોહનલાલ દલીચંદ દેશાઈએ **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,** મુંબઈ ૧૯૩૨, પારા૰ ૮૩૬-૮૪૫ પર ચર્ચી છે, પૃ૰ ૫૭૧-૫૭૬ ત્યાં જુઓ.

૭. સં૰ પં૰ બેચરદાસ જીવરાજ દોશી, **પુરાતત્ત્વ,** ૧-૩. એપ્રિલ ૧૯૨૩, પૃ૰ ૨૯૬.

૮. આ મહત્ત્વપૂર્ણ ચૈત્યપરિપાટીનું પુનર્મુદ્રણ થવાની જરૂર છે.

૯. આ ઉદ્ધરણ મેં પં૰ અંબાલાલ પ્રેમચંદ શાહ **જૈન તીર્થ૰,** પૃ૰ ૧૧૮ પરથી લીધું છે; અને એમણે તે **ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ** (પૃ૰ ૪૦૦) પરથી લીધું હોવાની નોંધ કરી છે. (આનો સંપાદક કોણ છે, ક્યાંથી કયા વર્ષમાં, કઈ ગ્રંથમાળામાં પ્રસ્તુત સંગ્રહ છપાયો છે, તેની ત્યાં નોંધ નથી લેવાઈ.)

૧૦. **નિર્ગ્રન્થ ઐતિહાસિક લેખ સમુચ્ચય** - ભા૰ ૧માં આ ચૈત્યપરિપાટીનું સંપ્રતિ લેખક તથા વિધાત્રી વોરા દ્વારા સંપાદનનું પુનર્મુદ્રણ થયું છે.

૧૧. સંપ્રતિ ગ્રંથમાં (સ્વ૰) અગરચંદ નાહટા તથા પં૰ બાબુલાલ સવચંદ શાહ દ્વારા મૂળ સંપાદિત થયેલ કૃતિનું પુનર્મુદ્રણ જોવા મળશે.

૧૨. विशेषके **रैवतकस्य** भूभृतः **श्रीनेमिचैत्ये जिनवेश्मसुत्रिषु ।**
**श्रीवस्तुपालः प्रथमं जिनेश्वरं पार्श्वं** च **वीरं** च मुदान्वीविशत् ॥८॥ —**वस्तुपालप्रशस्तिः**

(જુઓ મુનિ પુણ્યવિજયજી, **सुकृतकीर्तिकल्लोलिन्यादि वस्तुपालप्रशस्तिसंग्रह,** સિંધી જૈન ગ્રંથમાલા (ગ્રંથાંક ૫), મુંબઈ ૧૯૬૧, પૃ૰ ૨૮.)

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org